કોંગ્રેસી નેતા લલિત વસોયાનો 'આપ'ના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા સામે ૧૦ કરોડની બદનક્ષીનો દાવો

રાજકોટ, તા.૧ રાજકોટ વર્તુળોમાં માટે કોઈ પુરાવા ન હોવા છતાં, ભારે ચકચાર મચાવનારી ઘટના તેમણે 'સ્ટિંગ ઓપરેશન' ના સામે આવી છે. કોંગ્રેસના નેતા નામે જાહેરમાં તેમની બદનામી લલિત વસોયાએ આમ આદમી કરી હતી. લલિત વસોયાએ આ પાર્ટી ના નેતા ગોપાલ ઈટાલિયા વિરુદ્ધ ૧૦ કરોડનો બદનક્ષીનો દાવો કર્યો છે. વસોયાએ ઈટાલિયાને બદનક્ષીની નોટિસ ફટકારી છે, જેમાં વિસાવદર પેટાચૂંટણી દરમિયાન તેમની બદનામી કરવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. ગંભીર આરોપોને કારણે પોતાની પ્રાપ્ત વિગતો અનુસાર, વિસાવદર પેટાચૂંટણી પ્રચાર દરમિયાન ગોપાલ ઈટાલિયાએ લલિત વસોયા પર લોકોને રૂપિયા આપવાનો આક્ષેપ કર્યો હતો. વસોયાનો દાવો છે કે, ઈટાલિયા છે. આ સાથે જ વસોયાએ ગોપાલ પરત કરવાની ચેતવણી આપી છે.

વસોયા કાયદેસરની કાર્યવાહી આગળ વધારશે તેમ જણાવા મળ્યું છે. ગોપાલ ઈટાલીયાએ જણાવ્યું હતું કે મને નોટિસ મળી નથી અને મેં વાંચ્યું નથી એટલે મને માહિતી નથી કે તેમાં શું છે, જે નોટિસ ગોપાલ ઈટાલીયાને એ નોટિસ એણે ટીવીમાં આપી છે, ઈરાદો જુઓને, મને આપો, જવાબ માટે આપવાનો મને અધિકાર છે. એ નોટિસ મળી નથી અને આખી દુનિયામાં ફરે છે એના પરથી ખબર પડે છે કે ઈરાદો શું છે.

મને નોટીસ મળી નથી, નોટીસ મને આપવાને બદલે ટી.વી.માં આપી છે:જવાબ માટે આપવાનોછે,કેસ માટે લડવાનોછે:ગોપાલ ઈટાલિયા

ઇંડિયન બૈંક Indian Bank ઇલાહાબાદ ALLAHABAD

વાપી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ શાખા, સી-૫/૧૨-૦૦, જુજવાડીડી, યાર રસ્તા વાપી, જુજવાડીડી/વાપી.

કબ્જા નોટિસ (સ્થાવર મિલકત માટે)

આથી, અમો નીચે સહી કરનાર, ઈંડિયન બૈંક,ના અધિકૃત અધિકારી છીએ અને સીકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટસ અને એન્ફોર્સમેંટ સીકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ની ખેગવાઈ હેઠળ અને મજકૂર કાયદાના સેકશન ૧૩(૨) નિયમ ૩ અને ૮ સાથે વંચાતા અને સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેંટ) નિયમ ૨૦૦૨ અન્વયે મળેલી સત્તાની રૂએ તા.૧૬/૦૬/૨૦૨૫ના રોજ કરજદાર મેસર્સ ક્રેડીટેક ફાઈન એન્ડ સર્વિસીસ (કરજદાર), શ્રીમતિ ભાવના પ્રેમલ પટેલ (પ્રોપ્રાઈટર કમ મોર્ગેજર કમ જામીનદાર) અને પ્રેમલ ભાવુભાઈ પટેલ (જામીનદાર)ને અમારી વાપી શાખા એ ડિમાંડ નોટિસ પાઠવી હતી. સદર નોટિસ દ્વારાવિગતે રકમ રૂા.૪૬,૫૯,૧૩૦/- (રૂપિયા છપ્પન લાખ ઓગણસાઠ હજાર એકસો ત્રીસ પૂરા) જે સદરહુ નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસમાં રકમ પરત ચુકવવા જણાવ્યું હતું.

કરજદાર તથા જામીનદાર તરફે રકમમાં નિષ્ફળ ગયા હોવે, કરજદાર, જામીનદાર તથા જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે ઉપરોકત સંકલન અંતર્ગત સેકશન ૧૩(૪) રૂલ ૮ અને ૯ સાથે વંચાતી લાગુ, મતલબ અધિકૃત અધિકારીએ નીચે દર્શાવેલ સ્થાવર મિલકતનો કબ્જો તારીખ ૦૧/૦૭/૨૦૨૫ ના રોજ સંભાળી લીધેલ છે.

આથી ખાસ કરીને કરજદાર તથા જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે, કે તે મિલકતી ઉપર કોઈપણ જાતની વ્યવહાર કરવો કે કરાવવો નહિ જે લે-વેચ કરવી નહિ તે કરતાંત કરવો નહિ તથા જે કોઈ કરવામાં આવશે તો તે ઈંડિયન બૈંક, માટે ઘાડી પડતી રકમ રૂા.૪૬,૫૯,૧૩૦/- (રૂપિયા છપ્પન લાખ ઓગણસાઠ હજાર એકસો ત્રીસ પૂરા) તથા તેના ઉપરનું વ્યાજ સહિતની રકમ જે કોઈ ચુકવવી કરશે તેણે તે રકમ ચુકવવા જણાવું હતું.

આથી ખાસ કરીને કરજદાર તથા જાહેર જનતાને સેકશન ૧૩(૮) રૂલ ૬ ના જોગવાઈ મુજબ સમય મર્યાદામાં સેકશન ૧૩ના સબ સેકશન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતોને ઘાડી લેવા બનવાઈ કરી પાછી મેળવી શકો છો.

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતા રહેણાંક મિલકત જે ફ્લેટ નં. ૩૦૬, જાણીતી બિલ્ડીંગ "વરદા એન્કલેવ", ત્રીજે માળ, સુપર બિલ્ટપ વિસ્તારનું માપ ૧૩૦૦ ચો.ફુટ એટલે કે ૧૨૮.૨૫ ચો.મીટર્સ. જે બંધાયેલ જમીનની સીટી સર્વે નં. ૩૩૬, ૩૩૭, ૩૩૮ ૩૩૮ પૈકી, મોજે: વાપી, તાલુકો: વાપી, જિલ્લો: વલસાડ. જે શ્રીમતિ ભાવના પ્રેમલ પટેલ ના નામની મિલકત જેની ચતુર્દિશા: ઉત્તરે: આંતરિક રસ્તો, દક્ષિણે: ફ્લેટ નં. ૩૦૯, પૂર્વે: દાદર, પશ્ચિમે: ઓ.ટી.એસ.

તારીખ : ૦૧/૦૭/૨૦૨૫ **અધિકૃત અધિકારી,**
સ્થાન : વાપી **ઈંડિયન બૈંક.**

ઇંડિયન બૈંક Indian Bank ઇલાહાબાદ ALLAHABAD

લિલવાયા શાખા, ૩૪૮/૩, બિગોલેપટ, ખજુરબજાર સામે, નારોલ રોડ, લિલવાયા, સુરત- દારા અને નગર હવેલી, પીન: ૩૬૬૨૩૦.

કબ્રજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

આથી, અમો નીચે સહી કરનાર, ઈંડિયન બૈંક,ના અધિકૃત અધિકારી છીએ અને સીકયુરીટાઈઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટસ અને એન્ફોર્સમેંટ સીકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (૨૦૦૨ નો કાયદો નં. ૫૪)ની ખેગવાઈ હેઠળ અને મજકૂર કાયદાના સેકશન ૧૩(૧૨) નિયમ ૩ અને સાથે વંચાતા અને સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેંટ) નિયમ ૨૦૦૨ અન્તર્ગત મળેલી સત્તાની રૂએ તા.૧૬/૦૬/૨૦૨૫ના રોજ (કરજદાર/મોર્ગેજર) શ્રી હર્ષભઈકુમાર નટવરસિંહ રાઠોડ (કરજદાર, મોર્ગેજર) અને શ્રીમતિ રેણુકા રાઠોડ (કરજદાર કમ મોર્ગેજર) ને ડિમાંડ નોટિસ પાઠવી હતી. સદર નોટિસ દ્વારાવિગતે રકમ રૂા.૪૮,૨૬,૩૮૮.૦૦ (રૂપિયા ઢાપન લાખ છોંતેર હજાર ત્રણસો અઠ્યાવીસ પૂરા) જે તા.૧૯/૦૬/૨૦૨૫ ના રોજની ડાટી સુધી ચુકવવા જણાવ્યું હતું.

આથી કરજદારનું ધ્યાન આકૃષ્ટ કરવામાં આવે છે, કે જણાવેલ સમય મર્યાદામાં સેકશન ૧૩ના સબ સેકશન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતોને ઘાડી લેવા બનવાઈ કરી પાછી મેળવી શકો છો.

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતા રહેણાંક મિલકત જે ફ્લેટ નં. ૩૦૬, જાણીતી બિલ્ડીંગ "વરદા એન્કલેવ", ત્રીજે માળ, સુપર બિલ્ટપ વિસ્તારનું માપ ૧૩૦૦ ચો.ફુટ એટલે કે ૧૨૮.૨૫ ચો.મીટર્સ. જે બંધાયેલ જમીનની સીટી સર્વે નં. ૩૩૬, ૩૩૭, ૩૩૮ ૩૩૮ પૈકી, મોજે: વાપી, તાલુકો: વાપી, જિલ્લો: વલસાડ. જે શ્રીમતિ ભાવના પ્રેમલ પટેલ ના નામની મિલકત જેની ચતુર્દિશા: ઉત્તરે: આંતરિક રસ્તો, દક્ષિણે: ફ્લેટ નં. ૩૦૯, પૂર્વે: દાદર, પશ્ચિમે: ઓ.ટી.એસ.

તારીખ : ૦૧/૦૭/૨૦૨૫ **અધિકૃત અધિકારી,**
સ્થાન : વાપી **ઈંડિયન બૈંક.**

» છેલ્લા પાનાનું શેષ

પૂણ્ય સલીલા...

નારાયણ ભગવાનની આજ્ઞા મેળવી છાંયા એલ્લે કે પઝળયારૂપ દેવોને સૂર્ય નારાયણ ભગવાનની સેવાનું કામ સોંપ્યું અને સંજ્ઞાદેવી આજ્ઞવન તપ કરવા નીકળી ગયા. છાંયાનાં બે સંતાનો તાપી મૈયા અને શનિ મહારાજ હતા. પોતાના અસહ્ય તાપને કારણે પત્ની સંજ્ઞાદેવી ગુમાવવાના કારણે સૂર્ય નારાયણ ભગવાન અત્યંત વ્યથિત-દુઃખી હતા. તેમનું દુઃખ પુત્રી તાપીથી જોયું જાતું ન હતું. જેથી તાપી મૈયાએ પિતા સૂર્ય નારાયણ ભગવાનને કહ્યું મને નદીના રૂપમાં પૃથ્વી પર મોકલી દું ત્યાંથી તમને ઠંડક આપીશ. આ રીતે આજથી ૨૧ કલ્પ પૂર્વે તાપી મૈયાનું પૃથ્વી પર અવતરણ થયું.

તાપી મૈયાનો સમુદ્ધ...

શહેર અને જિલ્લામાં એક કરોડ થી વધુ લોકો પીવાનું પાણી મેળવે છે. અપાઇ સુદ સાતમનાં દિવસને સૂર્યપુત્રી તાપી મૈયાનાં જન્મ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. તાપી નદીનાં સંદર્ભમાં લખાયેલા તાપી પુરાણ ગ્રંથમાં નદી વિશે ઝીણવટપૂર્વકની માહિતીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જે મુજબ તાપી નદીનીં ઉત્પત્તિ ૨૧ કલ્પ જૂની હોવાનું પ્રાચીન ગ્રંથો અને શાસ્ત્રોની માન્યતા છે. ૧ કલ્પમાં ૪.૩૨ કરોડ વર્ષ હોય છે. જેથી તાપી નદીની આયુ કેટલી હશે તેનો અંદાજો લગાવવો પણ મુશ્કેલ છે. સૂર્યપુત્રી તરીકે જાણીતી તાપી મૈયાની ઉત્પત્તિને લઈને અનેક લોકવાયકાઓ છે. જેમાં મુખ્ય લોકવાયકા મુજબ, બ્રહ્માજીના નાભિકમળમાંથી પૃથ્વીનો જન્મ થયા બાદ સૂર્યદેવની ગરમીથી દેવો અકળાયા હતા. તેઓએ ભગવાન આદિત્ય "સૂર્યદેવ"નું તપ કર્યું હતું. દેવોના તપને લઈ ભગવાન સૂર્યનારાયણ પ્રસન્ન થયા. આનંદના અતિરેકમાં એમની જમણી આંખમાંથી આંસુનું એક ટીપું ધરતી પર પડ્યું. તેમાંથી નદીનો પ્રવાહ વહ્યો અને લોકમાતા તાપીનો જન્મ થયો. ગંગા, નર્મદા કરતા પણ તાપી પૌરાણિક નદી હોવાનું મનાય છે. ગંગાજીમાં સ્નાન, નર્મદાના દર્શન અને તાપીના સ્મરણ માત્રથી પાપો નષ્ટ થાય છે એવી ભાવિક ભક્તોમાં દ્રઢ માન્યતા છે. મધ્યપ્રદેશમાં મૂલ્તાઇ સરોવરમાં જન્મસ્થાન ધરાવતી લોકમાતા તાપીમૈયાનો એક પ્રવાહ મહારાષ્ટ્રમાં અને બીજો મધ્યપ્રદેશ થઇને ૭૨૪ થી વધુ કિલોમિટરની સફરખેડીને સુરતમાં પ્રવેશ કરે છે અને તે પછી હજીરાના દરિયામાં સમાઈ જાય છે. તાપી માતાને સુરતવાસીઓ જીવાદોરી માને છે ખાસ કરીને તાપી કિનારાના શહેરો અને ગામડાઓ તો ખેતીથી સમૃદ્ધિ તો પામ્યા જ છે તેમની સાથે સાથે ૧૯૭૦-૭૧માં ઉકાઈ જળાશયની મહત્વકાંક્ષી સિંચાઇ પરિયોજના સાકાર થતાં દક્ષિણ ગુજરાતના સુરત,ભરૂચ,તાપી, નવસારી, વલસાડ સહિતના જિલ્લાઓને સિંચાઇ અને પીવાનાં પાણીનો લાભ મળ્યો છે. તાપી નદી પરના ઉકાઇ ડેમની ૩૪૧૪ mcm ની સંગ્રહક્ષમતા અને સિંચાઇ પરિયોજનાથી દક્ષિણ ગુજરાતના ૨,૫૨,૪૪૪ ખેડૂત ખાતદારો ને લાભ મળે છે. ઉકાઈ કાંકરાપાર સિંચાઇ પરિયોજના સૌથી મોટો કાર્યવિસ્તાર ધરાવે છે જેમાં પાંચ જિલ્લાના ૨૧ તાલુકા,૩૭૦૦ જેટલા ગામો જેમાં ૮૦૦ આદિજાતિ ના ગામોનો સમાવેશ થાય છે. અને આશરે ૩,૩૧,૫૫૭ હેકટર ખેતીની જમીનમાં સિંચાઈનું પાણી પહોંચાડવામાં આવે છે જેનો ફાયદો ૨,૫૨,૪૪૪ ખેડૂત ખાતદારો ને લાભ મળે છે.આ સિંચાઇ યોજના અંતર્ગત ૫૫૦ સિંચાઇ પિયત સહકારી મંડળીઓ કાર્યરત છે. આ ઉપરાંત સુરત શહેર અને જિલ્લાના એક કરોડ થી વધુ લોકોને પીવાનું પાણી ઉપલબ્ધ થઇ રહ્યું છે.

સુરત એરપોર્ટની લેન્ડિંગ...

યુનિટ એક નિષ્ણાત યુનિટ છે જે નિયમિતપણે એરપોર્ટ પર સ્થાપિત નેવિગેશનલ એઇડ્સ અને વિઝ્યુઅલ લેન્ડિંગ સિસ્ટમ્સની તપાસ કરે છે. તેમાં ILS (ઇન્સ્ટ્રુમેન્ટ લેન્ડિંગ સિસ્ટમ), DVOR, બ્રિક્સિન એઝોય પ્રાઇ ઇન્ડિકેટર જેવી સિસ્ટમો શામેલ છે. આ બધા ઉપકરણો પાઇલટને રનવે પર સલામત અને સચોટ માર્ગદર્શન મેળવવામાં મદદ કરે છે. આ ઉપરાંત ઇન્સ્ટ્રુમેન્ટ્સ યોગ્ય દિશા અને ઊંચાઈ બતાવી રહ્યા છે તેની ખાતરી કરવા માટે નેવિગેશન સિસ્ટમ્સનું ફ્લાઇટ કેલિબ્રેશન, રનવે, ટેક્સીવે અને અન્ય મહત્વપૂર્ણ સ્થિતિ ડેટા ચકાસવા માટે એરફિલ્ડ સર્વેક્ષણો પણ કરવા. ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA) ના ધોરણો અનુસાર ટેકનિકલ સુસંગતતા સુનિશ્ચિત કરવી. વિમાન અને ટેકનિકલ સાધનોની સમયાંતરે જાળવણી અને સંચાલન સુનિશ્ચિત કરવું. સુરત એરપોર્ટ પર FIU વિમાનના આગમન પહો, અહીં ટેકનિકલ સ્તરે નેવિગેશન સાધનોની ચકાસણી અને માપાંકનની પ્રક્રિયા ચાલી રહી છે. આનાથી માત્ર ફ્લાઇટ્સની સલામતી વધશે નહીં, પરંતુ ભવિષ્યમાં આંતરરાષ્ટ્રીય અને રાત્રિ કામગીરીના વિસ્તરણનો માર્ગ પણ મોકળો થશે. નિષ્ણાતોના મતે, FIUનું આ પગલું સુરત એરપોર્ટને વધુ સુરક્ષિત, ટેકનોલોજીકલ રીતે અદ્યતન અને આંતરરાષ્ટ્રીય સ્તરે બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.

સુરતને ગારમેન્ટસ...

કરવામાં આવ્યું હતું જેમાં ફોસ્ટા, ઇન્સ્ટીટ્યુટ ઓફ ડિઝાઇન્ઝ એન્ડ ટેકનોલોજી અને યોગ બોર્ડ પણ જોડાયું હતું. રેલીની શરૂઆતમાં યોગ બોર્ડના વિદ્યાર્થીઓ દ્વારા યોગ પ્રદર્શન કર્યું હતું. આ રેલીમાં જોડાયેલા વેપારીઓ દ્વારા ૧૫ ફૂટ ઉંચી ટ્રીઝર્નું પણ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સુરત પોલીસ કમિશ્નર પણ ખાસ જોડાયા હતા.

આ રેલીમાં કેટલાક યુવાનો બુલેટ પર નીકળ્યા હતા. તેમણે પીએમ મોદી દ્વારા આપવામાં આવેલ ડ્રગ્સે એટલે ફાર્મ ટુ ફાઇબર ટુ ફેબ્રિક ટુ ફેશન ટુ ફોરેનના સ્લોગન સાથેને ફલેગ લઇને રેલીમાં જોડાયા હતા. CMAI ના વિજ્નલ ચેરમેન ડૉ. અજય ભદ્રાયર્ય જણાવ્યું, FOSTTA, IDT અને ગુજરાત યોગ બોર્ડની ટીમને ખાસ આભાર. આ રેલી સુરતના ઈતિહાસમાં અત્યાર સુધીનું સૌથી અનોખું આયોજન છે. ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને વેપારીઓની ભાગીદારી એ વાતનો પુરાવો છે કે સુરત પરિવર્તન માટે તૈયાર છે.

ગુજરાત ફૂટબોલ એસો...

મહામંત્રી તરીકે તમજ પ્રદીપસિંહ વાઘેલા, જિગ્નેશ પાટીલ, અરૂણસિંહ રાજપુત તથા ગુણવંત રેલાવાલાની ઉપાધ્યક્ષ તરીકે પુનઃચરણી કરવામાં આવી હતી. આ ઉપરાંત સંદીપ દેસાઈની વરણી હનીક જીનવાલાની જગ્યાએ ઉપાધ્યક્ષ તરીકે કરવામાં આવી હતી, જયારે અંકિત પટેલની વરણી માનદ્ ખજાનચી તરીકે કરવામાં આવી હતી. વાર્ષિક સાધારણ સભામાં, ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા જિલ્લા એસોસિએશન તથા વ્યક્તિઓને જી.એસ.એફ.એ. એવોર્ડ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.આ એવોર્ડ ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન (એ.આઈ. એફ.એફ.)ની તર્જે પર શરૂ કરાયા છે. જી.એસ. એફ.એ.ના અધ્યક્ષ, રાજ્યસભાના સાંસદ અને આર.આઈ.એલ.ના ડાયરેક્ટર (કોર્પોરેટ અફેર્સ), પરિમલ નથવાણીએ જણાવ્યું હતું કે, સમગ્ર ગુજરાતમાં ફૂટબોલને સુલભ અને સાતત્યપૂર્ણ બનાવવાનું અમારું વિઝન, અમારા પ્રયાસોને સતત માર્ગદર્શન પૂરું પાડે છે. આ વર્ષ દરમિયાન ગુજરાતના યુવા ખેલાડીઓની ભાગીદારીમાં વધારો જોવા મળ્યો, જે આપણી ફૂટબોલ ઇકોસિસ્ટમની ગહનતા અને અનુશાસનનો પૂરાવો છે. તેમણે ઉમેર્યું હતું કે, 2024-25 દરમિયાન, 26 વિવિધ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. કુલ 1168 મેચ રમવામાં આવી, અને 6468 ગોલ નોંધાયા. ગુજરાતમાં કુલ 7400 જેટલા સક્રિય ખેલાડીઓ છે, જેમાંથી 4836એ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો. અમદાવાદ ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ એસોસિયેશનને સૌથી વધુ ખેલાડીઓની નોંધણી બદલ એવોર્ડ અપાયો હતો, ઈન્ટ્રા-ડિસ્ટ્રિક્ટ ટુર્નામેન્ટના આયોજન માટે બેસ્ટ ડિસ્ટ્રિક્ટનો એવોર્ડ સુરતને ફાળે ગયો હતો અને બેસ્ટ સપોર્ટિવ ડિસ્ટ્રિક્ટ એવોર્ડ રાજકોટને એનાયત કરાયો હતો. જ્યારે બેસ્ટ પરફોર્મિંગ એક્ટિવ ડિસ્ટ્રિક્ટનો એવોર્ડ ભાવનગર ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ એસોસિયેશનને મળ્યો હતો. એ.આર.એ. ફૂટબોલ ક્લબ, અમદાવાદ અને નવરચના એસ.એ., વડોદરાને જી.એસ. એફ.એ.ની છઠ્ઠાછાયા હેઠળ બેસ્ટ પરફોર્મિંગ ફૂટબોલ ક્લબ્સ તરીકે સંયુક્ત વિજેતા ઘોષિત કરાયા હતા. વ્યક્તિગત કેટેગરીમાં, ફૂટબોલ રેફરી ઓફ ધ યર એવોર્ડ મહિલા કેટેગરીમાં રચના કામાણી અને પુરુષ કેટેગરીમાં પ્રતિક બજાજને અપાયો હતો. જ્યારે કોચ ઓફ ધ યર એવોર્ડ મહિલા કેટેગરીમાં ફેલસીના મીરાન્ડા અને પુરુષ કેટેગરીમાં સલીમ પઠાણને ફાળે ગયો. આ પ્રકારે જ ઈમર્જીંગ પ્લેયર ઓફ ધ યર એવોર્ડ નાઝબાનુ શેખ અને કિશન સિંહને સન્માનિત કરાયા હતા. જ્યારે બેસ્ટ પ્લેયર ઓફ ધ યરનો એવોર્ડ મહિલા કેટેગરીમાં તન્વી માલાણી અને પુરૂષ કેટેગરીમાં અમન શાહને અપાયો હતો.

સચિનના લાપતા...

સુધી આ મામલે પોલીસ રિરિયાદ નહી નોંધાશે ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો પણ ઈન્કાર કરી દીધો હતો. મોતનું સાચુ કારણ જાણવા પોલીસે ફોરેન્સીક પીએમ પણ કર્યું હતું.

સચિન જીઆઈડીસી ખાતે આવેલ લક્ષ્મી વિલાસ ટાઉનશીપમાં પરિવાર સાથે રહેતા આમોદ ગામ મૂળ બિહારના સીતામઢીના વતની છે. આમોદ ઝાઝ સિમેન્ટની કંપનીમાં નોકરી કરી પત્ની, પુત્ર અને પુત્રીનુ ગુજરાન ચલાવે છે. આમોદભાઈનો ૧૪ વર્ષીય પુત્ર મયંક સ્યાનિક વિદ્યારમાં આવેલી સરસ્વતી હિન્દી વિદ્યાલયમાં ધો.૮માં અભ્યાસ કરતો હતો. ગઈ કાલે રાબેતા મુજબ તે સુઇલેથી આવ્યો હતો. ત્યારબાદ બપોરે તેણે ઘરે આરામ પણ કરીને હોમવર્ક કર્યું હતું. બાદમાં પોતાની સાયકલ લઈ ઘરેથી નિકળ્યો હતો.

સાંજ સુધી તે ઘરે આવ્યો ન હતો. જેથી પરિવારે તેની ઘણાબાધી કરી મોડી રાત થઈ ગઈ હતી, છતા તેની કોઈ ભાળ મળી ન હતી. આજે સવારે સચિન તલંગપુર રોડ પર કેલાશ પાર્ક નજીક આવેલા તળાવમાંથી મયંકનો મૃતદેહ મળી આવ્યો હતો.

નવી સિવિલ હોસ્પિ. પોસ્ટમોર્ટમ રૂમ પાસે પરિવારજનોને મયંકના મોઢા અને ગળામાં ઈજાના નિશાન હોવા સાથે હત્યા થવાનો આક્ષેપ કર્યો હતો. વધુમાં આક્ષેપ કર્યો હતો કે મયંક થોડું તોતડું બોલતો હોવાથી તેની સાથે ભણતા અન્ય એક વિદ્યાર્થી તેણે હેરાન કરતો હતો. આ બાબતે શાળાના આચાર્યએ મયંક અને સહ વિદ્યાર્થીને બોલાવી મારમાર્યો હોવાનો પણ પરિવારે આક્ષેપ કર્યો હતો.

પરિવારે જવાબદારો સામે ફરિયાદ નોંધી કડક કાર્યવાહી કરવાની માગ કરી હતી. અને મયંકનો મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કર્યો હતો. જેથી પોલીસે પરિવારને સમજાવ તપાસની ખાતરી આપી હતી.હાલ મૃતકનું પાણીમાં ડૂબવાથી મોત થયું હોવાનું પ્રાથમિક તારણ સામે આવ્યું છે. જો કે કોરેન્સીક પીએમ રિપોર્ટ આવ્યા બાદ મોતનુ સાચુ કારણ બહાર આવશે.

સુરતના ખાડીપૂરની...

સર્જાય છે. આ સમસ્યાને ટેકનોલોજીના ઉપયોગથી હલ કરી શકાય છે. અંત્રોલી નજીક વેઝળગામથી નવા રિગરોડની બાજુમાં ૭ કિ.મી. લાંબી પાઈપલાઈન નાખીને ખાડીના પાણીને વાલકગામ પાસે તાપી નદીમાં ડાયવર્ટ કરવામાં આવે તો ખાડીપૂરને અટકાવી શકાય. સૌરાષ્ટ્રમાં નર્મદાના પાણીને ૧૧૫ ડેમોમાં પહોંચાડવા સૌની યોજના હેઠળ ૧૨૨૧૨ ફૂટના વિશાળ પાઈપો અને ૫૦૦૦ લોર્ક પાવરના પંપનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ જ મોડલનો ઉપયોગ કરીને સુરતની ખાડીના પાણીને તાપી નદીમાં ડાયવર્ટ કરી શકાય છે. આ પ્રોજેક્ટથી સુરતને ખાડીપૂરની સમસ્યામાંથી કાયમી રાહત મળી શકે છે. આ પ્રોજેક્ટ પર ગંભીરતાથી વિચારીને ઝડપથી અમલ કરવા વિનંતી પણ મયુર સવાણી દ્વારા કરવામાં આવી હતી.

સુરતમાં ૩૧ ઈંચ...

હવામાન વિભાગમાં આંકડા મુજબ સુરત શહેરમાં સિઝનમાં સરેરાશ ૫૯ ટકા વરસાદ વરસતો હોય છે, જેની સરખામણીમાં ૧ જુલાઈ સુધીનાં સમયગાળામાં જ ૩૧.૫૦ ઈંચ એટલે કે સરેરાશ ૫૫.૬૯ ટકા વરસાદ વરસી ગયો છે. ગયા રોત બારડોલીમાં ૫૨.૮૭ ટકા, કામરેજમાં ૫૭.૧૭ ટકા અને ઓલપાડમાં સરેરાશ ૫૦ ટકા વરસાદ વરસ્યો છે. હવે જુલાઈ અને ઓગષ્ટ મહિનાનો વરસાદ બાકી હોવાથી આ બે મહિનાની હવામાનની આગાહી ઉપર તંત્રની નજર સ્થિર થઈ છે.

સુરત મનપાની...

ભાગરૂપે પુસ્તક શાળાની મુલાકાત દરમિયાન કેન્દ્રીય શિક્ષણ મંત્રી મનપા દ્વારા પુરી પાડવામાં આવતી સુવિધાથી ખુબ પ્રભાવિત થયા હતા. આ સાથે સ્કુલોમાં જે ભારણ સહન નહી કરવું પડે તે માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે તે તેની માહીતી પણ કેન્દ્રની ટીમ દ્વારા લેવામાં આવી હતી. ત્યી પોરણ ૧૨ના વિદ્યાર્થીઓને અભ્યાસ કરવામાં આવે છે. છેલ્લા કેટલાક સમયથી સુરત મનપાની સ્કુલોનું શિક્ષણનું સ્તર ખુબ ઉચું ગયું છે. મનપાની સ્કુલોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અંગ્રેડ સાથે પાસ થઈ રહ્યા છે.

આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડ
Aadhar Housing Finance Ltd

રોપોર્ટ ઓફિસ: યુનિટ નં.૨૦૨, નટરાજ સ્ટરમણ્ડ, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈ વે અને એમ.વી. રોડ, અંધેરી (પૂર્વ) મુંબઈ-૪૦૦૦૬૯

સુરત પરવત પાટીયા ક્રાંચ: દુકાન નં.૩૧૨ અને ૩૧૩, ટ્રાઈસ એલેટીયા, સારોલી ગામના ગેટ નજીક, કુબેરજી ટેક્ષટાઈલ માર્કેટની સામે, કડોદરા-સુરત રોડ, સુરત-૩૫૫૦૦૭ ગુજે

સુરત ક્રાંચ: ઓફિસ નં.૨૦૯ અને ૨૧૦, બીજા માળે, યુનિવર્સલ બિઝનેસ સેન્ટર, મધુવન સર્કલ નજીક, એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત -૩૯૫૦૦૯ ગુજે

ડીમાન્ડ નોટીસ

સિકયુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરિટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ના ખંડ ૧૩(૨) ની સાથે સિકયુરિટી ઈન્ટરેસ્ટ(એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ના રૂલ ૩(૩) મુજબ

આથી નીચે સહી કરનાર આધાર હાઉસિંગ ફાઈનાન્શિયલ લિમીટેડ (એકોયરકેસએલ)ના અધિકૃત અધિકારીએ સિકયુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરિટી ઈન્ટરેસ્ટ કમિત એકટ ૨૦૦૨ ના ખંડ ૧૩(૧૨) વંચાતે લેતા આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતા એકટના ખંડ ૧૩(૧૨) ની સાથે રૂલ ૩ મુજબ કમિત એકટના ખંડ ૧૩(૨) અનુસાર દેવાદાર(રો)/(કમિત દેવાદાર(રો)ને સંબંધિત નોટીસ મોકલતી હતી એમાં દર્શાવ્યા મુજબની રકમ ચુકવી દેવા જણાવું હતું. ઉપરોકત નોટીસના સંદર્ભે તેમને ફરીથી નોટીસ મોકલી તેના પ્રકાશનની તારીખથી દિવસ ૬૦મા નોટીસમાં જણાવ્યા મુજબની રકમની સાથે ચુકવણી કરવામાં આવે ત્યાં સુધીના વાડત વ્યાજની એકોયરકેસએલ રકમ ચુકવી દેવા જણાવાઈ ગયું હતું. જો દેવાદાર(રો) તરફથી કોઈ કરાર અથવા અન્ય રસ્તાવેજો રજુ કરવામાં આવ્યા હોય તો તે મુજબનું વ્યાજ ચુકવી દેવા જણાવવામાં આવે છે. દેવાદાર(રો) એ ગીરો મુકેલ મિલકતોનીવિગત નીચે મુજબ છે.

અ. નં.	દેવાદાર(રો)/ સહદેવાદાર(રો), જામીનદાર(રો)ના નામ	ડીમાન્ડ નોટીસની તારીખ અને રકમ	સ્થાવર મિલકતનું વર્ણન (સ્થાવર મિલકત)
1	(લોન કોડ નં.૧૨૩૦૦૦૦૧૧૨૩/ સુરત પરવત પાટીયા ક્રાંચ) અંજનભાઈરૂડાભાઇ પાટીલ(દેવાદાર), ગોપાલ સુડામાઇ પાટીલ, સુભાષ માલીકલાલ પાટીલ (જામીનદાર)	10-06-2025 ₹ 3,91,028/-	તમામ ખંડ કે અખંડિત ભાગની બનેલી મિલકતજે.સ.નં.૨૦૯ ૨, બ્લોક નં.૨૬૮, ફલેટ નં.૨૧૧, યોગા માળે, શ્રી સાંઈ પૂજન રેસીડેન્સી, બી-સરોલી ગાટીકા-૨ , સુરત બાદોલી રોડના ક્રોસ, સુરત, ગુજરાત-૩૮૩૦૫૧ **ચતુઃસીમા:** પૂર્વે: ફલેટ નં.૨૧૨, પશ્ચિમે: ફલેટ નં.૨૧૦, ઉત્તરે: અન્ય મિલકત, દક્ષિણે: પેસેજ પછી લીફટ
2	(લોન કોડ નં.૦૪૨૦૦૦૦૦૬૨૪/ સુરત ક્રાંચ) યોગનીદ્